सत्यमेव जयते

| | | | |
|---|---|---|---|
| ફાઈલ તારીખ | ૦૫/૦૭/૨૦૨૬ | | |
| દાખલ તારીખ | ૦૫/૦૭/૨૦૨૬ | | |
| ફેંસલ તારીખ | ૧૦/૦૭/૨૦૨૬ | | |
| **સમયગાળો** | **વર્ષ** | **માસ** | **દિવસ** |
| | ૦૦ | ૦૦ | ૦૫ |

---

**મહેરબાન ભરૂચના છઠ્ઠા એડીશનલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં,**
**મુકામ : ભરૂચ**

---

**ફોજદારી પરચુરણ અરજી નં. ૫૪૩/૨૦૨૬**

**આંક : –**

**અરજદાર/આરોપી :– ફારૂક સોયેબ શેખ,**
હાલ રહે. 1T05/1 અલફારૂક પાર્ક સોસાયટી,
કંથારીયા, ભરૂચ,
મુળ રહે. બોરમોગતી, થાણા–દિગોલીયા,
પોસ્ટ–પથેર બજાર, જિ. ખુલના, બાંગ્લાદેશ,
હાલ : જિલ્લા જેલ, ભરૂચ.

**વિરૂધ્ધ...**

**સામાવાળા :– ધ સ્ટેટ ઓફ ગુજરાત.**

**વિષય :– બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ મુજબ રેગ્યુલર જામીન અરજી.**

---

અરજદાર તરફે વિ. વ. શ્રી એ. જે. સોની
સરકારશ્રી તરફે વિ. એ.પી.પી.શ્રી એમ. જી. રાઠોડ

---

**–:: ચુકાદો ::–**

(૧) ભરૂચ શહેર 'બી' ડિવીઝન પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૧૯૯૦૧૨૨૫૦૮૧૦/૨૦૨૫ થી ધી ઈમોરલ ટ્રાફીક પ્રિવેન્શન એકટની

કલમ–૩, ૪ તથા બી.એન.એસ. ની કલમ–૧૪૩(૧)(ડી)(એફ), ૧૪૩(૨), ૧૪૩(૩), ૧૪૪(૨), ૩૩૬(૨)(૩), ૩૩૮, ૩૪૦(૨), ૫૪ તથા ઇમીગ્રેશન એન્ડ ફોરેનર્સ એકટની કલમ–૨૧ મુજબના ગુનાના કામે અરજદાર/આરોપી તરફે ચાર્જશીટ બાદ રેગ્યુલર જામીન ઉપર મુકત થવા હાલની જામીન અરજી કરેલ છે.

(૨) અરજદાર/આરોપીનાં વિ.વકીલશ્રી તથા વિ.એ.પી.પી.શ્રીને સાંભળ્યા, ત.ક.અધિકારીશ્રી તરફે રજુ **આંક–૦૫** નું સોગંદનામું તથા આરોપી તરફે **આંક–૦૩** નાં લીસ્ટથી રજુ દસ્તાવેજોને ધ્યાને લીધા.

(૩) અરજદાર/આરોપીનાં વિ.વકીલશ્રીની મુખ્યત્વે એવી દલીલ છે કે, ઉપરોકત ગુનાના કામે અરજદાર/આરોપીને તા. ૧૩/૧૨/૨૦૨૫ ના રોજ અટક કરેલ અને ત.ક.અધિકારીશ્રીએ નામ. કોર્ટમાં રજુ કરી રીમાન્ડની માંગણી કરેલ અને રીમાન્ડની કાર્યવાહી પૂર્ણ થતા અરજદાર/આરોપીને જયુડી. કસ્ટડીમાં મોકલી આપવામાં આવેલ, ત્યારથી આરોપી જયુડી. કસ્ટડીમાં છે, જેથી ચાર્જશીટનાં ગ્રાઉન્ડ ઉપર હાલની જામીન અરજી દાખલ કરેલ છે. વધુમાં રજુઆત છે કે, અરજદાર/આરોપી નિર્દોષ છે, કહેવાતા ગુનામા સીધી કે આડકતરી રીતે સંડલવાયેલા નથી, ફરીયાદમાં આરોપીનો કોઇ સ્પષ્ટ રોલ જણાવેલ નથી તેમજ ચાર્જશીટ ધ્યાને લેવામાં આવે તો, મોટા ભાગનાં પોલીસ સાહેદ છે અને તેમના નિવેદનો સ્ટીરીયો ટાઇપના છે, સ્વતંત્ર સાહેદોનાં નિવેદનથી ફરીયાદને સમર્થન મળે તેવા કોઇ પુરાવા જણાઇ આવતા નથી, હાલના કામે તમામ દસ્તાવેજ કબજે લીધેલ છે, જેથી કોઇ છેડછાડ કરવાની શકયતા નથી તેમજ સાહેદો સરકારી સાહેદો હોય તેમને તોડવા ફોડવાની કોઇ શકયતા નથી, જેથી આરોપીને જામીન મુકત કરવા રજુઆત કરેલ છે. વધુમાં રજુઆત છે કે, સદર ગુનાની તપાસ પૂર્ણ થઇ ગયેલ છે અને ત.ક.અધિકારીએ ચાર્જશીટ દાખલ કરેલ છે, જેનો સેસન્સ કેસ નં. ૩૦/૨૦૨૬ પડેલ છે, ચાર્જશીટમાં ૧૨૮ સાહેદો જણાઇ આવે છે, જેથી નજીકના ભવિષ્યમાં ટ્રાયલ પૂર્ણ થવાની શકયતા નથી, જેથી આરોપીને પ્રિ–ટ્રાયલ પનીશમેન્ટ થાય તેમ છે, જેથી આરોપીને જામીન મુકત કરવા રજુઆત

કરેલ છે. વધુમાં રજુઆત છે કે, સદર ગુનાના કામે અન્ય સહ–આરોપી રઈશ મહમદ રફીક શેખનાઓને નામ. ગુજરાત હાઈકોર્ટે ક્રિ.પ.અ.નં. ૧૦૪૨૦/૨૦૨૬ થી તા. ૦૪/૦૫/૨૦૨૬ ના રોજ શરતોને આધીન જામીન મુકત કરેલ છે તથા સહ–આરોપી રતન ઉર્ફે રાજુ મહાદેવ ગયાનને નામ. હાઈકોર્ટે ક્રિ.પ.અ.નં. ૮૯૨૭/૨૦૨૬ થી તા. ૦૭/૦૫/૨૦૨૬ નાં રોજ જામીન મુકત કરેલ છે તથા અત્રેની કોર્ટે સહ–આરોપી નાઝીમખાન સઈદખાન પઠાણને ક્રિ.પ.અ.નં. ૩૦૪/૨૦૨૬ તથા સહ–આરોપી લક્ષ્મીકાંત ઝાને ક્રિ.પ.અ.નં. ૩૩૮/૨૦૨૬ થી તા. ૧૬/૦૫/૨૦૨૬ ના રોજ જામીન મુકત કરેલ છે તેમજ હાલના સહ–આરોપી રતન ઉર્ફે રાજુ મહાદેવ ગયાનનો જે રોલ સાહેદ પરવેન અખ્તર ઉર્ફે સોમીન મહાદેવ ગયાન મુસ્તુફા હલાદરનું તા. ૨૪/૧૨/૨૦૨૫ નાં પોલીસ નિવેદનમાં જણાવેલ છે તે જ રોલ હાલના અરજદાર/આરોપીનો પણ છે, જેથી આરોપીને લો ઓફ પેરીટીનો સિધ્ધાંત ધ્યાને લઈ નામ. ગુજરાત હાઈકોર્ટનું રમેશ બટુ ડાભી વિ. સ્ટેટ ઓફ ગુજરાતના ચુકાદાને ધ્યાને લઈ આરોપીને જામીન મુકત કરવા રજુઆત કરેલ છે. વધુમાં રજુઆત છે કે, સદર કામે મહત્વના સાહેદોની જુબાની થઈ ગયેલ છે, જેથી તોડવા ફોડવાની કોઈ શકયતા નથી તેમજ અરજદાર/આરોપીનું ચોકકસ રહેવાનું સ્થાન છે, કયાંય નાસી ભાગી જાય તેમ નથી અને નામ. કોર્ટ ફરમાવે તે તમામ શરતોનું પાલન કરવા તૈયાર છે, જેથી આરોપીની રેગ્યુલર જામીન અરજી મંજુર કરવા રજુઆત કરેલ છે. વધુમાં રજુઆત છે કે, નામ. સુપ્રિમ કોર્ટના રીપોર્ટેડ જજમેન્ટ સંજયચંદ્ર વિ. સી.બી.આઈ. તથા સિધ્ધરામ સટરીંગ ગપ્પા વિ. સ્ટેટ ઓફ મહારાષ્ટ્રના ચુકાદામાં જણાવેલ સિધ્ધાંતોને ધ્યાને લઈ આરોપીને જામીન મુકત કરવા રજુઆત કરેલ છે.

(૪) ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રીની આઈ.ઓ.નાં **આંક–૦૫** નાં સોગંદનામાને અનુરૂપ મહત્વની દલીલ કરી રજુઆત કરેલ છે કે, હાલના અરજદાર/આરોપી ફારૂક સોયેબ શેખ, મુળ રહે. બાંગ્લાદેશનાઓ ગેરકાયદેસર રીતે ભારતમાં પ્રવેશ કરી પોતાનું બનાવટી ભારતનું ચૂંટણીકાર્ડ અને આધારકાર્ડ, પાનકાર્ડ, જન્મનું પ્રમાણપત્ર બનાવડાવી તેનો ઉપયોગ

કરી ભારતનો નાગરીક બની ગેરકાયદેસર વસવાટ કરી બાંગ્લાદેશ ખાતે રહેતી આર્થિક રીતે જરૂરીયાતમંદ સ્ત્રીઓને ઘરકામ તેમજ બ્યુટીપાર્લરમાં નોકરી અપાવવાની લાલચ આપી ગેરકાયદેસર રીતે બાંગ્લાદેશથી ભારતની હદમાં પ્રવેશ કરી/કરાવી પોતાના રહેણાંક મકાનમાં આશરો આપી નોકરી/કામધંધો નહી આપી દેહવ્યાપારમાં ધકેલી તેઓની સાથે છેતરપીંડી કરી તથા બાંગ્લાદેશથી ભારતમાં ગેરકાયદેસર રીતે અવારનવાર પાસપોર્ટ કે વિઝા વગર હેરફેર કરી/કરાવી તેમજ પોતાના કબજાના ઘરમાં આશ્રય આપી આર્થિક ફાયદો મેળવવા સારૂ બાંગલાદેશી તેમજ પશ્ચીમ બંગાળની સ્ત્રીઓને ગુજરાત રાજયમાં તથા આંતર રાજયોમાં એજન્ટો મારફતે દેહવ્યાપાર માટે મોકલી આપી કુટણખાનુ ચલાવી ગુનો કર્યાનો આક્ષેપ છે. વધુમાં એવી દલીલ છે કે, હાલના આરોપી હાલના ગુનાના મુખ્ય આરોપી છે અને બાંગલાદેશના નાગરીક હોય તેમ છતા બોર્ડર ક્રોસ કરી વગર પાસપોર્ટે પ્રવેશ કરી છેલ્લા ૨૦ વર્ષથી ભારતના જુદાજુદા શહેરોમાં વસવાટ કરેલો છે અને હાલના અરજદાર/આરોપીએ પોતાનું બોગસ જન્મનું પ્રમાણપત્ર સહ–આરોપીની મદદગારીથી બનાવડાવી તેના આધારે પોતાનું આધારકાર્ડ, ચૂંટણીકાર્ડ અને પાનકાર્ડ બનાવી ખરા તરીકે ઉપયોગ કરી ભારતના નાગરીક બની ગયેલા છે અને તેના આધારે મિલકત પણ ખરીદેલી છે. વધુમાં એવી દલીલ છે કે, હાલના અરજદાર/આરોપીનાઓએ બાંગલાદેશ ખાતે રહેતી આર્થિક રીતે જરૂરીયાતમંદ સ્ત્રીઓને ઘરકામ તેમજ બ્યુટીપાર્લરમાં નોકરી આપવાની લાલચ આપી અલગ–અલગ એજન્ટો મારફતે ભારતમાં ગેરકાયદેસર રીતે પ્રવેશ કરાવી પોતાના ઘરે મકાનમાં આશરો આપી જુદાજુદા મસાજ પાર્લરમાં દેહવ્યાપાર માટે મોકલી તેમની પાસેથી ધંધો કરાવી કમીશન મેળવેલ છે અને ત.ક.અધિકારીશ્રીએ આ અંગે બેંક એકાઉન્ટના ટ્રાન્સજેકશનના દસ્તાવેજી પુરાવાઓ મેળવેલા છે તથા ભોગ બનનારના નિવેદનો પણ લીધેલા છે તથા હાલના અરજદાર/આરોપીએ અન્ય સહ–આરોપીઓ સાથે વારંવાર મોબાઇલ દ્વારા સંપર્ક કરેલ છે તેની કોલ ડિટેઇલો પણ મેળવેલ છે અને આવી કુલ–૬૧ જેટલી ભોગ બનનાર બાંગ્લાદેશી મહિલાઓનું રેસ્કયુ કરવામાં આવેલ છે, જેથી આરોપી સામેના ગુનાની ગંભીરતા ધ્યાને લઇ જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે. વધુમાં

રજુઆત છે કે, આરોપી બાંગ્લાદેશના રહીશ છે અને હાલ આ ગુનાનુ ટ્રાયલ ડે ટુ ડે ચલાવવામાં આવી રહેલ છે, ભોગ બનનાર મહિલાઓની જુબાનીઓ પણ થયેલી છે અને હાલ સદર કામ પુરાવાના તબકકે હોય જો આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવે અને ટ્રાયલ દરમ્યાન હાજર ન રહે તો આવા ગંભીર પ્રકારના કેસનું ટ્રાયલ અટકી જાય તેમ છે. વધુમાં જો આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવે તો, સાક્ષીઓને ધાકધમકી આપી ફોડવાનો પ્રયત્ન કરે તેવી પુરેપુરી શકયતા છે, જેથી હાલની જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

(૫) ઉપરોકત રજુઆતો, ત.ક.અધિકારીશ્રીનુ એફીડેવીટ તથા એફ.આઇ.આર. તેમજ પોલીસ પેપર્સ ધ્યાને લેતા, હાલનાં અરજદાર/આરોપીનો ગુનાના કામે રોલ જોવામાં આવે તો, હાલના આરોપી મુખ્ય આરોપી છે અને આરોપી મુળ બાંગ્લાદેશના નાગરીક છે અને તેઓએ ગેરકાયદેસર રીતે બાંગ્લાદેશની બોર્ડર ક્રોસ કરી ભારતમાં અનિધિકૃત રીતે વગર પાસપોર્ટે પ્રવેશ કરી છેલ્લા ૨૦ વર્ષથી મુંબઇ, અમદાવાદ, ભરૂચમાં ગેરકાયદેસર રીતે વસવાટ કરેલો છે. વધુમાં હાલના અરજદાર/આરોપી વર્ષ–૨૦૧૫ માં અમદાવાદ ખાતેથી પકડાઇ ગયેલ અને તેને બાંગ્લાદેશ ડિપોર્ટ કરવામાં આવેલ તેમ છતા હાલના અરજદાર/આરોપીએ અન્ય સહ–આરોપીની મદદથી પોતાનું બોગસ જન્મનું પ્રમાણપત્ર વેસ્ટ બેંગાલ ખાતેથી બનાવડાવી આવા બોગસ જન્મના પ્રમાણપત્રના આધારે ભારતનું આધારકાર્ડ, ચૂંટણીકાર્ડ અને પાનકાર્ડ બનાવેલા છે અને તેના આધારે મોબાઇલ નંબરના સીમ ખરીદેલા છે અને ભાડા કરાર પણ કરી ભાડેથી પણ રહેલા છે અને મકાન પણ ખરીદેલ છે. આમ, હાલના અરજદાર/આરોપીનાઓ બાંગ્લાદેશના નાગરીક હોવા છતા બોગસ દસ્તાવેજોના આધારે ભારત મુકામે રહેલ હોય તે અંગેના પોલીસે પુરતા દસ્તાવેજી પુરાવાઓ મેળવેલા હોય તેમ સ્પષ્ટ થાય છે, ત્યારે આરોપી સામે પ્રથમદર્શનીય કેસ છે. વધુમાં હાલના ગુનામાં આરોપીનો રોલ જોવામાં આવે તો, આર્થિક રીતે જરૂરીયાતમંદ બાંગ્લાદેશની સ્ત્રીઓને ઘરકામ તથા બ્યુટીપાર્લરમાં નોકરી અપાવવાની લાલચ આપી બાંગ્લાદેશી સ્ત્રીઓને

જુદાજુદા એજન્ટો દ્વારા ભારતમાં ગેરકાયદેસર પ્રવેશ કરાવી પોતાના રહેણાંકના ઘરે આશરો આપી આ સ્ત્રીઓને ભરૂચ તેમજ અંકલેશ્વર મુકામે દેહવ્યાપારના ધંધા સાથે સંકળાયેલા કુટણખાનું ચલાવતા એજન્ટોના મસાજ પાર્લરમાં દેહવ્યાપાર માટેનો ધંધો કરાવડાવી તે પેટે કમીશન મેળવી આર્થિક લાભ મેળવેલ છે અને પોલીસે આ અંગે આરોપીના બેંક એકાઉન્ટના ટ્રાન્જેકશન કબજે કરેલ છે તેમજ હાલના અરજદાર/આરોપી અન્ય સહ-આરોપીઓ સાથે ટેલીફોનીક સંપર્કમાં હોય ઘણી બધી વખત વાતચીતો થયેલી હોય આ અંગેની કોલ ડિટેઇલો મેળવેલી છે. વધુમાં પોલીસ એફીડેવીટ મુજબ આરોપીએ આવી ૧૨ જેટલી બાંગ્લાદેશી મહિલાઓ પાસે દેહવ્યાપારનો ધંધો કરાવડાવી આર્થિક લાભ મેળવેલો છે. વધુમાં એફીડેવીટ મુજબ હાલના ગુનાના કામે હાલના આરોપી તથા અન્ય સહ-આરોપીઓએ દેહવ્યાપાર કરાવેલ બાંગ્લાદેશી મહિલાઓ કે જે અમદાવાદ, વડોદરા, સુરત, મહેસાણા, નવસારી ખાતેથી મળી આવેલ છે, જે કુલ-૬૧ જેટલી મહિલાઓને રેસ્ક્યુ કરવામાં આવેલ છે. આમ, હાલના અરજદાર/આરોપીનો ગુનાના કામે રોલ જોવામાં આવે તો, મુખ્ય આરોપી છે અને બાંગ્લાદેશના નાગરીક છે, ત્યારે આરોપી સામે પ્રથમદર્શનીય કેસ હોય અને પોલીસે આરોપીને ગુનામાં સાંકળવા માટેના પુરતા પુરાવાઓ મેળવેલ હોય આરોપીને જામીન ઉપર મુકત કરવા ન્યાયોચિત જણાતું નથી.

(૬) આરોપીનાં વિ.વકીલશ્રી તરફે રજુઆત છે કે, આ કામે ભોગ બનનાર મહિલાઓ નારી સંરક્ષણ ગૃહમાં છે, જેથી આ સાક્ષીઓને તોડવા ફોડવાની કોઇ શકયતા નથી, જેથી આરોપીને જામીન ઉપર મુકત કરવા રજુઆત કરેલ છે.

આ દલીલના સંદર્ભમાં જોવામાં આવે તો, હાલના આરોપી બાંગ્લાદેશના નાગરીક છે અને આ કામે ભોગ બનનાર મહિલાઓ કે જેઓ બાંગ્લાદેશી છે અને વિ.એ.પી.પી.શ્રીની રજુઆત મુજબ હાલ ગુનાનુ ટ્રાયલ ડે ટુ ડે ચાલી રહેલ છે અને કેટલીક ભોગ બનનાર મહિલાની જુબાની થયેલી છે અને કેટલીક મહિલાની બાકી છે. આમ, જો હાલના આરોપીને જામીન ઉપર

મુકત કરવામાં આવે તો, સાક્ષીઓને તોડફોડે તેવી શકયતા રહેલી છે, ત્યારે આરોપીને જામીન ઉપર મુકત કરવા ન્યાયોચિત જણાતું નથી.

(૭) વધુમાં આરોપી તરફે મુખ્યત્વે એવી રજુઆત છે કે, હાલના ગુનાના કામે બે આરોપીઓને નામ. ગુજરાત હાઈકોર્ટ દ્વારા જામીન ઉપર મુકત કરવામાં આવેલ છે અને અન્ય સહ–આરોપીઓને અત્રેની કોર્ટ દ્વારા જામીન ઉપર મુકત કરવામાં આવેલ છે, ત્યારે હાલના અરજદાર/આરોપીને પેરીટીના સિધ્ધાંતનો લાભ આપી જામીન ઉપર મુકત કરવા રજુઆત કરેલ છે.

ઉપરોકત દલીલના સંદર્ભમાં જોવામાં આવે તો, હાલના આરોપી બાંગ્લાદેશના નાગરીક છે અને પોતાનું બોગસ જન્મનું પ્રમાણપત્ર બનાવડાવી તેના આધારે ભારતનું આધારકાર્ડ, ચૂંટણીકાર્ડ, પાનકાર્ડ વિગેરે દસ્તાવેજો મેળવી ભારતમાં રહેતા આવેલા છે, ત્યારે બોગસ દસ્તાવેજો બનાવવાનો હાલના આરોપી સામે આક્ષેપ છે. વધુમાં હાલના આરોપી પોતે બાંગ્લાદેશના નાગરીક હોય બાંગ્લાદેશ મુકામેની જરૂરીયાત મહિલાઓને એજન્ટ મારફતે બાંગ્લાદેશથી ભારતમાં ગેરકાયદેસર પ્રવેશ કરાવડાવી પોતાના ઘરે આશરો આપી દેહવ્યાપારના ધંધા માટે મસાજ પાર્લરમાં મોકલી તેનું કમીશન મેળવ્યાનો આક્ષેપ છે, ત્યારે હાલના આરોપીનો રોલ જામીન ઉપર મુકત થયેલ આરોપીઓ કરતા વધુ પ્રમાણમાં હોય અને મુખ્ય આરોપી હોય હાલના આરોપીને પેરીટીના સિધ્ધાંતનો લાભ મળવાપાત્ર નથી.

(૮) આમ, ઉપરોકત ચર્ચા કરી તે મુજબ આરોપી સામેના આક્ષેપીત ગુનાની હકીકતો, ગુનાની ગંભીરતા તથા આરોપી સામેના પ્રથમદર્શનીય કેસની હકીકતો ધ્યાને લેતા તેમજ આરોપી બાંગ્લાદેશના નાગરીક હોય, સાહેદોને તોડફોડ કરવાની શકયતા રહેલી હોય તેમજ આરોપીને પેરીટીના સિધ્ધાંતનો લાભ મળવાપાત્ર ન હોય, તે તમામ હકીકતો તથા સંજોગો જોતા આરોપીને રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા ન્યાયોચિત જણાતુ ન હોય હાલની જામીન અરજી નામંજુર કરતો છેવટનો આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

(૧) અરજદાર/આરોપી **ફારૂક સોચેબ શેખ,** હાલ રહે. 1T05/1 અલફારૂક પાર્ક સોસાયટી, કંથારીયા, ભરૂચ, મુળ રહે. બોરમોગતી, થાણા–દિગોલીયા, પોસ્ટ–પથેર બજાર, જિ. ખુલના, બાંગ્લાદેશ, હાલ : જિલ્લા જેલ, ભરૂચનાઓની ભરૂચ શહેર 'બી' ડિવીઝન પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૧૯૯૦૧૨૨૫૦૮૧૦/૨૦૨૫ થી ધી ઈમોરલ ટ્રાફીક પ્રિવેન્શન એકટની કલમ–૩, ૪ તથા બી.એન.એસ. ની કલમ–૧૪૩(૧)(ડી)(એફ), ૧૪૩(૨), ૧૪૩(૩), ૧૪૪(૨), ૩૩૬(૨)(૩), ૩૩૮, ૩૪૦(૨), ૫૪ તથા ઈમીગ્રેશન એન્ડ ફોરેનર્સ એકટની કલમ–૨૧ મુજબના કામે રેગ્યુલર જામીન ઉપર મુકત થવાની હાલની જામીન અરજી **નામંજુર** કરવામાં આવે છે.

(૨) આ હુકમની જાણ પોલીસ સ્ટેશનને કરવી.

(૩) આ હુકમની એક નકલ સંબંધીત જેલમાં આરોપીને આપવા માટે મોકલવી અને સુપ્રિન્ટેન્ડન્ટ/જેલરશ્રીએ આરોપીને નકલ આપ્યાનો અત્રેની કોર્ટને રીપોર્ટ કરવો.

આ હુકમ આજ **તા. ૧૦ મી, માહે : જુલાઈ, સને : ૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૦/૦૭/૨૦૨૬
સ્થળ : ભરૂચ

**(પિંકલ એમ. સોની )**
છઠ્ઠા એડીશનલ સેસન્સ જજ,
ભરૂચ.
**(કોડ નં. જી.જે. ૦૦૭૪૭)**

SUC